RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year:15, Issue:232, Dt.18-12-2024 Wednesday Page:4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કેન્સરને નાબૂદ કરવા રશિયાને બનાવી વેક્સિનઃ મળી મોટી સફળતા

## વિશ્વમાં ઘાતક બની રહેલા રોગ સામે લડવામાં મહત્વપૂર્ણ સફળતાઃ રશિયાએ મેડિકલ સાયન્સમાં કર્યો ધમાકો : તૈયાર કરવામાં આવેલ વેકસીન પોતાના નાગરિકોને ફ્રીમાં આપશે રૂસ

**મુખ્ય સમાચાર,મોસ્કો**

આજે સમગ્ર વિશ્વ કેન્સર જેવી ગંભીર બીમારીથી પરેશાન છે. આવી સ્થિતિમાં રશિયાએ એવો દાવો કર્યો છે જે સમગ્ર વિશ્વ માટે રાહતના સમાચાર છે. રશિયાએ કહ્યું કે તેણે કેન્સરની રસી બનાવી છે જે તમામ નાગરિકોને મફતમાં ઉપલબ્ધ થશે. સોમવારે રશિયન આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી કે તેણે કેન્સર સામે એક રસી વિકસાવી છે જે ૨૦૨૫ ની શરૂઆતથી રશિયામાં કેન્સરના દર્દીઓને મફતમાં આપવામાં આવશે. રશિયન સરકારી સમાચાર એજન્સી ઝઅજીજ અનુસાર, રશિયન સ્વાસ્થ્ય મંત્રાલયના રેડિયોલોજી મેડિકલ રિસર્ચ સેન્ટરના જનરલ ડાયરેક્ટર એન્ડ્રે કે-નિ રશિયન રેડિયો ચેનલ પર આ રસી વિશે માહિતી આપી હતી.

મોસ્કોમાં ગમાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર ફોર એપિડેમિઓલોજી એન્ડ માઈક્રોબાયોલોજીના ડિરેક્ટર એલેકઝાન્ડર ગિન્ટ્સબર્ગે અગાઉ ઝઅજીજને જણાવ્યું હતું કે રસી ગાંઠની વળદ્ધિને અવરોધે છે અને કેન્સરને ફેલાતા અટકાવી શકે છે. દેખીતી રીતે આ રસીનો ઉપયોગ કેન્સરના દર્દીઓની સારવાર માટે કરવામાં આવશે તેના બદલે કેન્સરને રોકવા માટે સામાન્ય લોકોને આપવામાં આવશે. આ રસી દરેક પ્રકારના કેન્સરના દર્દીને આપી શકાય છે.

રશિયન નેશનલ મેડિકલ રિસર્ચ રેડિયોલોજિકલ સેન્ટર અને ગમાલેયા નેશનલ રિસર્ચ સેન્ટર સહિત રશિયન આરોગ્ય મંત્રાલયે જાહેરાતની પુષ્ટિ કરી અને રસી કેવી રીતે કામ કરે છે તેની સ્પષ્ટતા કરી. હાલમાં તે અસ્પષ્ટ છે કે રસી કયા કેન્સરની સારવાર કરશે, તે કેટલી અસરકારક છે અથવા તો રસી શું કહેવાય છે. તે વૈજ્ઞાનિક રીતે શક્ય છે કે કેન્સરને લક્ષ્ય બનાવવા માટે અમુક પ્રકારની રસી વિકસાવવામાં આવી શકે છે. અન્ય દેશો પણ હાલમાં સમાન વિકાસ પર કામ કરી રહ્યા છે.

બાકીના વિશ્વની જેમ રશિયામાં પણ કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. ૨૦૨૨ માં કેન્સરના દર્દીઓના




૬૩૫,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા. કોલોન, સ્તન અને ફેફસાના કેન્સર રશિયામાં સૌથી સામાન્ય હોવાનું કહેવાય છે.વ્યક્તિગત કેન્સરની રસીઓમાં રોગપ્રતિકારક તંત્રને દર્દીના કેન્સર માટે વિશિષ્ટ પ્રોટીનને ઓળખવા અને તેનો પ્રતિસાદ આપવાનું શીખવવામાં આવે છે. આ માટે, રસીઓ દર્દીની ગાંઠમાંથી આરએનએ નામની આનુવંશિક સામગ્રીનો ઉપયોગ કરે છે. તેનો ઉપયોગ કરે છે.

તમને જણાવી દઈએ કે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને હાલમાં જ કહ્યું હતું કે તેમના દેશના વૈજ્ઞાનિકો કેન્સરની રસી પર કામ કરી રહ્યા છે અને તે અંતિમ તબક્કામાં છે. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, 'અમે કેન્સરની રસી અને નવી પેઢીની ઈમ્યુનોમોડ્યુલેટરી દવાઓ બનાવવાની ખૂબ નજીક છીએ.' અન્ય દેશોએ પણ તેમની પોતાની વ્યક્તિગત કેન્સરની રસી વિકસાવવા પર કામ કર્યું છે. મેની શરૂઆતમાં, ફ્લોરિડા યુનિવર્સિટીના સંશોધકોએ ચાર દર્દીઓ પર વ્યક્તિગત રસીનું પરીક્ષણ કર્યું હતું.કેટલાક કેન્સર માટે રસી અસ્તિત્વમાં છેઃ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, હાલમાં હ્યુમન પેપિલોમાવાયરસ (એચપીવી) સામે છ લાઈસન્સ પ્રાપ્ત રસીઓ છે, જે સર્વાઈકલ કેન્સર સહિત ઘણા કેન્સરનું કારણ બને છે, તેમજ હેપેટાઈટિસ બી (એચબીવી) સામેની રસીઓ છે જે લીવર કેન્સરનું કારણ બની શકે છે. કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન, રશિયાએ કોવિડ -૧૯ માટે તેની પોતાની સ્પુટનિક વી રસી પણ બનાવી અને તેને ઘણા દેશોમાં વેચી.

વર્ષ ૨૦૨૩માં યુ.કે સરકારે વ્યક્તિગત કેન્સર સારવાર વિકસાવવા માટે જર્મન બાયોટેકનોલોજી કંપની સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા. આ સિવાય ફાર્માસ્યુટિકલ કંપનીઓ મોડર્ના અને મર્ક એન્ડ કંપની હાલમાં ત્વચાના કેન્સરની રસી પર કામ કરી રહી છે. બજારમાં પહેલેથી જ એવી રસીઓ છે જેનો હેતુ કેન્સરને રોકવાનો છે, જેમ કે માનવ પેપિલોમાવાયરસ (ઈંડ્ટ) સામેની રસીઓ, જે સર્વાઈકલ કેન્સરને રોકવામાં મદદ કરે છે.

# ગેરકાયદે બાંધકામને કાયદેસર ન જ બનાવી શકાય : સુપ્રિમ કોર્ટ

## માત્ર વહિવટી, વિલંબ સમય વીતવા કે આર્થિક રોકાણના મુદ્દે અનધિકૃત નિર્માણને કાયદેસર કરવા પર સુપ્રિમની રોક

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે ગેરકાયદે નિર્માણને લઈને એક મોટો નિર્ણય કરી ગેરકાયદે નિર્માણ પર અંકુશ લગાવવા માટે અનેક દિશા નિર્દેશ જાહેર કરતાં કહ્યું હતું કે માત્ર પ્રશાસનિક વિલંબ સમય વીતી જવા કે આર્થિક રોકાણના આધાર પર અનધિકૃત નિર્માણને વેધ ન ઠેરવી શકાય.

જસ્ટીસ જે.બી.પારડીવાળા અને આર.માધવનની પીઠે મેરઠનાં શાસ્ત્રીનગર સ્થિત સેન્ટ્રલ માર્કેટમાં આવાસીય ભૂખંડમાં ગેરકાયદે વ્યાવસાયિક નિર્માણને ધ્વસ્ત કરવાના અલાહાબાદ હાઈકોર્ટનાં ફેસલાને યથાવત રાખ્યો છે અને દેશભરમાં ગેરકાયદે નિર્માણ રોકવા





માટે બધા રાજયો અને કેન્દ્ર શાસીત રાજયોને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

બેન્ચે અલહાબાદ હાઈકોર્ટના ૨૦૧૪ ના ફેસલાને પડકારતી અપીલોને ફગાવી દીધી હતી. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે દેશભરમાં બિલ્ડરોએ પોતાના પ્રોજેકટનો નકશો પાસ કરાવતી વખતે સંબંધીત ઓથોરીટી કે નિગમ સમક્ષ આ બાબતનુ સોગંદનામુ આપવુ પડશે કે નિર્માણ કાર્ય પુરૂ થયા બાદ જ લાભાર્થી કે ખરીદનારને મકાનનો કબ્જો આપવામાં આવશે.સુપ્રિમે એ પણ આદેશ કર્યો હતો કે નકશામાં કોઈપણ પ્રકારની છેડછાડ બાદ કાર્યપૂર્તિ કે કબજા પ્રમાણપત્ર જાહેર નહીં કરાય.

સુપ્રિમ કોર્ટે ચુકાદામાં સ્પષ્ટ કહ્યું હતું કે, રાજયોની સરકારો વારંવાર ગેરકાયદે બાંધકામો વિશે આંખ આડા કાન કરે છે, રોકાણ મેળવવાની હરીફાઈમાં અને રાજયને સમૃધ્ધ બનાવવા માટેના પ્રયાસ કરે છે. પરંતુ એ વાસ્તવિકતાની અવગણના કરે છે કે લાંબાગાળે શહેરી વિકાસને નુકસાન જ થાય છે અને પર્યાવરણ પર પણ પ્રતિકુળ પ્રભાવ પડે છે. પર્યાવરણને નુકસાની સામે સમૃધ્ધિ કોઈ વિસાતમાં નથી. બેંચ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું કે, ગેરકાયદે બાંધકામમાં વસવાટ કરતા લોકો ઉપરાંત આસપાસમાં રહેતા લોકોને પણ કાયમ જોખમની સ્થિતિમાં રહેવું પડે છે. આ સિવાય વીજળી, ભૂગર્ભ જળ, માર્ગો તથા કુદરતી સંસાધનો પર પણ પ્રભાવ પડે છે.

માર્ગ સહિતની માળખાકીય સુવિધાઓ કાયદેસરના વિકાસને લક્ષ્યમાં રાખીને ઉભી કરવામાં આવતી હોય છે. ગઈકાલે બાંધકામને કારણે તેના પર બોજ વધે છે અને વિપરીત અસર પડે છે. સુપ્રિમ કોર્ટે આ ચુકાદાની નકલ તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશો ઉપરાંત તમામ હાઈકોર્ટોને મોકલી છે.

# દિગ્ગજ સ્પિનર અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની કરી જાહેરાત

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિને ઈન્ટરનેશનલ ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી રિટાયરમેન્ટ લેવાની જાહેરાત કરી છે. મેચ પછી તે પ્રેસ કોન્ફરન્સમાં રોહિત શર્મા સાથે આવ્યો હતો. અને પ્રેસ કોન્ફરન્સમાં જ નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે કહ્યું કે હું ક્રિકેટના બધા જ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું. ભારતીય ટીમ સાથે આજે મારો છેલ્લો દિવસ હતો.

સિરીઝમાં ૧-૧ની બરાબરી સાથે, અશ્વિને એડિલેડમાં બીજી ટેસ્ટમાં પ્રદર્શન કર્યા બાદ નિવૃત્તિની જાહેરાત કરી હતી. અનુભવી ઑફ-સ્પિનરને પાંચમા દિવસે ટી-બ્રેક દરમિયાન સિનિયર બેટર અને ભૂતપૂર્વ



ભારતીય કેપ્ટન વિરાટ કોહલી સાથે ડ્રેસિંગ રૂમમાં લાંબી ચેટ કરતા જોવામાં મળ્યો હતો.


અશ્વિને ત્રણેય ફોર્મેટમાં ૨૮૭ મેચ રમી અને ૭૬૫ વિકેટ લીધી. તે ભારતનો બીજો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેનાથી આગળ માત્ર અનિલ કુંબલે છે જેણે ૬૧૯ વિકેટ લીધી છે.ઑફ સ્પિનર અશ્વિને ટીમ ઈન્ડિયા માટે કુલ ૨૮૭ મેચ રમી છે. જેમાંથી તેણે ૧૦૬ ટેસ્ટ મેચમાં કુલ ૫૩૭ વિકેટ લીધી છે. તેને ૨૦૦ ઈનિંગ્સમાં બોલિંગ કરવાની તક મળી. તે ૩૭ વખત પાંચ વિકેટ ઝડપવામાં સફળ રહ્યો છે, જ્યારે ૮ વખત તે મેચમાં ૧૦ કે તેથી વધુ વિકેટ લેવામાં સફળ રહ્યો છે. તેની શ્રેષ્ઠ બોલિંગમાં ૫૯ રનમાં ૭ વિકેટ અને મેચમાં ૧૪૦ રનમાં ૧૩ વિકેટ છે. આ સાથે જ તેણે ૧૧૬ વન-ડે ઈન્ટરનેશનલ મેચમાં ૧૫૬ વિકેટ લીધી છે. અશ્વિનને વનડે ક્રિકેટમાં ક્યારેય પાંચ વિકેટ મળી નથી. ઝ૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પણ તે એક વખત પણ પાંચ વિકેટો ઝડપી શક્યો નથી. તેણે ૬૫ મેચમાં ૭૨ વિકેટ ઝડપી હતી.

# રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રેસિપ્રોકલ ટેક્સ લાદવાની ધમકી આપી

**મુખ્ય સમાચાર,વોશ્ગટન**

અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર રેસિપ્રોકલ ટેક્સ લાદવાની ધમકી આપી છે. એટલે કે ભારત અમેરિકન ઉત્પાદનો પર જેટલો ટેક્સ લાદશે એટલો જ હવે ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારતીય ઉત્પાદનો પર ટેક્સ લાગુ કરશે. એટલેકે એમ કહી શકાય કે હવે ભારત અને અમેરિકા વચ્ચે પણ ટેરિફ વોર ભડકવાની શક્યતા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે અમુક અમેરિકન ઉત્પાદનોની આયાત પર ભારત દ્વારા લાદવામાં આવેલા નસ્રહાઈ ટેરિફસ્રસ્ર ના જવાબમાં રેસિપ્રોકલ ટેરિફ લાદવાના તેમના ઈરાદાઓનું પુનરાવર્તન કરીને ભારતને સીધી ધમકી આપી દીધી છે.





ડોનાલ્ડ ટ્રમ્પ કહ્યું હતું કે, નસ્રરેસિપ્રોકલ, ભારત અમારા પર જેટલો ટેક્સ લગાવે છે, તેના જવાબરૂપે અમે તેમના પર સમાન ટેક્સ લગાવીશું. ટ્રમ્પ ખુલ્લેઆમ કહ્યું કે ભારત અમારા પર બેફામ ટેક્સ લગાવે છે અને લગભગ દરેક મામલે ટેક્સ વસૂલે છે અને અમે તેમને માફ કરી દઈએ છીએ. જે હવે નહીં ચાલે.

અમેરિકાના આગામી પ્રમુખ ટ્રમ્પે ચીન સાથે સંભવિત વેપાર કરાર અંગેના પ્રશ્નનો જવાબ આપતાં આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પે કહ્યું કે, ભારત અને બ્રાઝિલ એવા દેશોમાં સામેલ છે જે કેટલાક અમેરિકન ઉત્પાદનો પર હાઈ ટેરિફ વસૂલી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું, નસ્રરેસિપ્રોકલ શબ્દ મહત્વપૂર્ણ છે કારણ કે જો કોઈ અમારી પાસેથી ચાર્જ વસૂલે છે, તો અમારે પણ વિચારવાની જરૂર નથી.

# પીએમ કિસાન સન્માન નિધિને બમણી કરો અને MSP પર કાયદાકીય ગેરંટી આપો

## સંસદીય પેનલે ખેડૂતોને આપવામાં આવતી યોજનાઓને સમર્થન આપવાની વાત કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સંસદીય પેનલે ખેડૂતોને આપવામાં આવતી યોજનાઓને સમર્થન આપવાની વાત કરી છે. જેમાં પીએમ કિસાન સન્માન નિધિને બમણી કરવા અને ખજી પર કાયદાકીય ગેરંટી આપવાનું કહેવામાં આવ્યું છે. સંસદીય પેનલે કિસાન સન્માન નિધિને વર્તમાન રૂ. ૬૦૦૦થી વધારીને રૂ. ૧૨૦૦૦ કરવા જણાવ્યું છે. નોંધનીય છે કે ગયા વર્ષે હરિયાણા અને પંજાબના ખેડૂતોએ એમએસપીના મુદ્દે કેન્દ્ર સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્નીની અધ્યક્ષતાવાળી કળષિ, પશુપાલન અને ખાદ્ય પ્રક્રિયા પરની સ્થાયી સમિતિએ કળષિ અને ખેડૂતો મંત્રાલયની ગ્રાન્ટ્સ માટેની માંગણીઓ (૨૦૨૪-૨૫) પરના તેના પ્રથમ અહેવાલ (અઢારમી લોકસભા)માં આ ભલામણો કરી છે. કલ્યાણ. મંગળવારે લોકસભામાં તેની રજૂઆત કરવામાં આવી હતી. સમિતિએ કળષિ અને ખેડૂત કલ્યાણ વિભાગનું નામ બદલીને નકળષિ, ખેડૂત અને ખેત મજૂર કલ્યાણ વિભાગથ કરવાની ભલામણ પણ કરી છે. અહેવાલ મુજબ, સમિતિનું માનવું છે કે ખેડૂતોને આપવામાં આવતા મોસમી પ્રોત્સાહનો ભાડૂત ખેડૂતો અને ખેત મજૂરોને પણ આપવામાં આવી શકે છે. કમિટી કળષિ શાસનને સુવ્યવસ્થિત કરવા અને કળષિ ક્ષેત્રે કામ કરતા લોકોની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવાના મોટા પ્રયાસના ભાગરૂપે નામ બદલવાની ભારપૂર્વક ભલામણ કરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આનાથી ભારતમાં કળષિ વિકાસ માટે વધુ સમાવેશી અભિગમ તરફ દોરી જશે. સમિતિએ એવી પણ ભલામણ કરી



છે કે વિભાગે વહેલી તકે કાનૂની ગેરંટી તરીકે ખેડૂતોને પ્સ્ભ લાગુ કરવા માટેનો રોડમેપ જાહેર કરવાની જરૂર છે. સંસદીય સમિતિએ કળષિ સંબંધિત વેપાર નીતિની જાહેરાત કરતા પહેલા ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવાનો ઉલ્લેખ કર્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સમિતિનું માનવું છે કે કળષિ પેદાશો પર આંતરરાષ્ટ્રીય આયાત-નિકાસ નીતિમાં ફેરફાર કરવાથી ખેડૂતોને નુકસાન થાય છે. સમિતિ ભારપૂર્વક ભલામણ કરે છે કે કળષિ ખર્ચ અને કિંમતો માટેના કમિશનની તર્જ પર કાયમી સંસ્થા/સંસ્થાની રચના કરવામાં આવે અને તેમાં કળષિ નિષ્ણાતોની સાથે ખેડૂતોના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં આવે.

# માતાના મઢે જતી બસ પલટી મારતા નવ ઈજાગ્રસ્ત

## બસમાં સવાર પકમાંથી ઈજાગ્રસ્તોને મોરબી સિવિલે ખસેડાયા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગાંધીનગરના પોર ગામથી ૫૬ જેટલા લોકો કચ્છ, ભુજ, અંજાર અને માતાના મઢ જઈ રહ્યા હતા. જે મોરબી જિલ્લાના માળિયા-અમદાવાદ હાઈવે રોડ ઉપરથી રાતના સમયે નીલગાય આડી આવતા અકસ્માત સર્જાયો હતો અને બસ પલટી મારી જતાં બસમાં બેઠલા ૫૬ પૈકીનાં ૯ લોકોને ઈજા થઈ હતી. જેથી ઈજાગ્રસ્તોને સારવાર માટે મોરબી અને એક ઈજાગ્રસ્તને રાજકોટ લઈ જવામાં આવ્યા છે. આ બનાવની હળવદ પોલીસે નોંધ કરીને આગળની કાર્યવાહી કરી છે.

મળતી માહિતી મુજબ હળવદ તાલુકાના દેવળીયા ગામ પાસેથી પસાર થતાં અમદાવાદ માળીયા હાઈવે રોડ ઉપરથી ગાંધીનગર પાસે આવેલા પોર ગામના લોકો ખાનગી લક્ઝરી બસમાં બેસીને પસાર થઈ રહ્યા હતા. ત્યારે આ બસ પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. જેથી કરીને કચ્છમાં માતાના મઢ દર્શન કરીને કચ્છ, ભુજ અને અંજાર ફરવા માટે જઈ રહેલા ગાંધીનગરના પોર ગામના એક જ કુટુંબના લોકોને અકસ્માત નડ્યો હતો અને આ બનાવમાં મહિલાઓ તેમજ વૃધ્ધો સહિતના કુલ મળીને ૫૬ લોકો બેઠેલા હતા. જેમાંથી ૯ જેટલા લોકોને ઈજાઓ પહોંચી હતી.

હાલમાં હોસ્પિટલેથી મળી રહેલ માહિતી મુજબ જે બસ પલટી મારી હતી તે બસમાં ૫૬ જેટલા મુસાફરો બેઠેલા હતા. જેમાંથી ૯ જેટલા વ્યક્તિઓને ઈજા થઈ છે. તેને સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલે ખસેડાયા છે. જેમાં દિવાબેન અમરાજભાઈ (૬૫), બાબુભાઈ મારુભાઈ (૬૦), શરદાદેવી ઠાકુર (૬૦), મંગુબેન શિવજીભાઈ (૬૦), રહીબેન ચતુરભાઈ (૫૭), ફૂલીબેન લાલજીભાઈ (૫૫), બાજાજી સોમજી ઠાકુર (૮૦), રાજેશભાઈ પટેલ (૪૫) અને મંજીબેન પ્રતાપભાઈ (૬૫)નો સમાવેશ થાય છે તથા આ ઈજા પામેલા લોકોમાંથી ફૂલીબેન લાલજીભાઈને વધુ સારવાર માટે રાજકોટ રિફર કરવામાં આવ્યા છે.

આ અકસ્માતના બનાવની હળવદ તાલુકા પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ ઉપર દોડી આવી હતી અને આગળની કાર્યવાહી કરી હતી. વધુમાં બસના માલિક અને ઈજાગ્રસ્ત રાજેશભાઈ પટેલ સાથે વાત કરતાં તેમણે કહ્યું હતું કે, ગાંધીનગરના પોર ગામથી લોકોને લઈને કચ્છ બાજુ જઈ રહ્યા હતા. ત્યારે હળવદ નજીક રસ્તા ઉપર નીલગાય આવવાના લીધે બસને કંટ્રોલ કરવા જતાં તે બસ પલટી ખાઈ ગઈ હતી. જેથી કરીને અકસ્માત સર્જાયો હતો.

આ બનાવમાં એક મહિલાને વધુ ઈજા થતા તેમના પગમાં ફેક્ચર થયું છે જો કે, અન્ય ઈજાગ્રસ્ત લોકોને નાના મોટી ઈજાઓ થઈ હોવાની વિગતો સામે આવી છે. તો બીજી તરફ ગાંધીનગરથી બીજી બસને બોલાવી તમામને ગાંધીનગર પરત લઈ જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

# બાબાસાહેબ સામે અપમાનજનક વિધાનો બદલ અમિત શાહ સામે નોટીસ

## રાજયસભામાં બંધારણ પરની ચર્ચા સમયે કેન્દ્રીય ગૃહમંત્રીના વિધાનો પર કોંગ્રેસનું આક્રમણ : માફીની માંગ : સંસદમાં ધમાલ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશના બંધારણના ૭૫ વર્ષની ઉજવણીની ચર્ચા સમયે રાજયસભામાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ સામે હવે કોંગ્રેસ પક્ષે મોરચો માંડયો છે અને ગઈકાલે શ્રી શાહે આ વર્ષોના જવાબ આપતા કોંગ્રેસ પર પ્રહાર સમયે બાબાસાહેબ આંબેડકર અંગે અપમાનજનક વિધાનો કર્યા હોવાનો આરોપ મુકે છે તેના પર ચર્ચાની માંગણી કરતી સભા મોકુફીની નોટીસ ફટકારી છે.

અમિત શાહે રાજયસભામાં કોંગ્રેસ પર જબરો હુમલો કર્યો હતો. તેમાં શ્રી શાહે ડો. આંબેડકરના બંધારણની રચનાના એક ખૂબજ મહત્વપૂર્ણ કામમાં તેમની ભૂમિકાને અવગણના કરવા જેવા વિધાના કર્યાનો આરોપ કોંગ્રેસના સાંસદ માનિકમ ટાગોરે કરીને આ નોટીસ ફટકારી છે.

કોંગ્રેસ પક્ષે શ્રી શાહના ભાષણનો એક વિડીયો શેર કર્યો હતો. જેમાં શ્રી શાહને એવું કહેતા દર્શાવાયો છે કે, આંબેડકર-આંબેડકર બોલવું એક ફેશન થઈ ગઈ છે. જો આટલું નામ ભગવાનનું લેવાય તો સાત જન્મ સુધી સ્વર્ગ મળી શકે. આ અંગે કોંગ્રેસ પક્ષે આક્ષેપ કર્યો કે, ભાજપ અને સંઘ દેશના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર પ્રત્યે કેવી નફરત કરે છે તે દર્શાવી આપ્યુ છે. રાહુલ ગાંધીએ લોકસભામાં ભાજપ મનુસ્મૃતિમાં વિશ્વાસ કરે છે અને આંબેડકરની અવગણના કરે છે અને તેની સાથે અસહમત હશે



તેવું પણ જણાવ્યું હતું. કોંગ્રેસના જયરામ રમેશે એક પોષ્ટમાં લખ્યુ કે, અમિત શાહે ડો.બાબાસાહેબ આંબેડકર અંગે ઘણી ધૃણીત વાત કરી છે અને હવે બાબાસાહેબ સામે સફરત એટલી કરે છે કે તેનું નામ આવતા જ ચીડાય જાય છે અને આ એજ લોકો છે જેના પુર્વે તો ડો. આંબેડકરનુ પુતળુ સળગાવતા હતા અને તેઓ સંવિધાન બદલવાની વાત કરતા હતા તેને જનતાએ બોધપાઠ શિખવાડી દીધા છે. અમીત શાહે કોંગ્રેસ પર સતત ડો. બાબાસાહેબ આંબેડકરનું નામ લેવા પર પ્રહાર કરતા કહ્યું તમો (કોંગ્રેસ) આંબેડકર - આંબેડકર કરો છો જો આટલું નામ ભગવાનનું લો તો સાત જન્મ સુધી સ્વર્ગ મળી જશે.


# બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરો મારફતે ગંદકી ફેલાવવામાં આવતી હોવાની રાવ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

સાનિધ્ય રેસીડેન્સી ના ફ્લેટ ધારકો દ્વારા આજે કલેક્ટર કરીએ આવેદનપત્ર પાઠવી જણાવવામાં આવ્યું હતું કે સાનિધ્ય ૨૫૪ ના રેસીડેન્સીયલ પ્રોજેક્ટમાં સર્વે ફ્લેટ ધારક રહેણાંક ધરાવે છે ટોટલ ત્રણ વિંગ છે તેમાં ૧૩૦ ફ્લેટ ધારકો રહે છે અમારા રહેણાંક બિલ્ડીંગ ની સામે અને જમણી બાજુમાં ઓરબીટ ગાર્ડન નામના પ્રોજેક્ટ નું કન્સ્ટ્રક્શન કામ ચાલુ છે તેમના કોન્ટ્રાક્ટરના માણસો અમારી સામેની ખુલ્લી જગ્યામાં ગંદકી ફેલાવે છે બહુ બધો કચરો ફેંકે છે તેમજ ખુલ્લામાં સંડાસ–બાથરૂમ કરે છે. અમે જે તે સમયે કોર્પોરેશનને પણ જાણ કરેલ કોર્પોરેશન દ્વારા અમને કહ્યું કે તે જગ્યા સરકારી ની છે બહુ બધા વૃક્ષોને પણ નુકસાન કરે છે આ બાબતે અમે અવારનવાર બિલ્ડર સાથે પણ રકજક કરેલ છે તેઓએ હજુ સુધી અમલ કર્યો નથી આપણા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ના કહેવા પ્રમાણે નસ્ત્રસ્વચ્છ ભારતથનું કોઈ મૂલ્ય આમાં રહેતું નથી આ જગ્યા સરકારી છે સરકારી જગ્યામાં મજૂરોને રહેવા દઈ કોર્પોરેશન બિલ્ડરને છાવરે છે તો આ બાબતે અમોને ન્યાય મળે તે બાબતે કલેકટર ને રજૂઆત કરવામાં આવી છે

# શહેરમાં બેરોકટોક ચાલતી રાઈડ: કાયદાનો સરેઆમ ઉલાળીયો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

કાયદા નો સરેઆમ ઉલાળીયો કરી રાજકોટના રેસકોર્સ મેદાનમાં બેરોકટોક ફજર અને ચકરડી ચાલી રહ્યા છે. ગત વર્ષે ટીઆરપી ઝોનમાં બનેલ અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા તેમજ રાજ્ય સરકાર દ્વારા મનોરંજન રાઈડ માટેના કડક નિયમો બનાવવા છતાં આ નિયમને ઘોરી પી જાય રેસકોર્સમાં સાંજના ભાગે ખુલ્લેઆમ બાળકો માટેની રાઈડચાલી રહી છે નાના ભૂલકાઓના જાન ના જોખમે ચાલતી આ રાઈડ મહાનગરપાલિકાના અધિકારીઓને ધ્યાનમાં નહી આવતી હોય શું? તેઓ પ્રશ્ન હાલ ચર્ચાઈ રહ્યો છે એક તરફ મહાનગરપાલિકાએ લાયસન્સ આપવામાં કડક વલણ દાખવ્યું છે ત્યારે કોઈ અનિચ્છનીય ઘટના બને તે પહેલા કુંભકર્ણની નિંદ્રામાંથી જાગી લાયસન્સ વગરની રાઈડને બંધ કરાવી જરૂરી છે

# મોબાઈલનો વધુ પડતો ઉપયોગ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છે : ચિંતાજનક સ્થિતિ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટઃ તમારો મોબાઈલ જો આસપાસ ના હોય તો તમે અકળાઈ જાવ છો! રાત્રીના સુતા સમયે પણ મોબાઈલ સાથે જ રાખવાની ટેવ લગભગ તમામને છે તમો મોબાઈલ પર કોઈ મુવી કે વિડીયો કલાક સુધી જોઈ શકો છો પણ કોઈ પુસ્તકના બે ચાર પાના વાંચો અને મગજ થાક કે કંટાળો અનુભવે છે!

આ તમામ છે કે તમો પોપકોર્ન–બ્રેઈન સિન્ડ્રોમના શિકાર બની ગયા છો આ એક મોબાઈલ સાથે જોડાયેલી બિમારી કહો તો બિમારી અને તમારી માનસીક નબળાઈ કહો તો નબળાઈ પણ તે તમારા માટે ખતરનાક સાબીત થઈ શકે છે.

આ એક નકારાત્મક માનસીક સ્થિતિ છે. મોબાઈલ પર તમો કેટલો સ્ક્રીન ટાઈમ ગાળો છો તે તમારો મોબાઈલ ખુદ કહે છે પણ તમો તેની ચિંતા કરતા જ નથી. પોપકોર્ન બનતા જોયા છે! જે રીતે તે ફુટે છે તે સ્થિતિ તમારા મગજમાં સતત ચાલતી રહે છે જે તમોને કોઈ કામ પર ધ્યાન કેન્દ્રીત કરવા દેતુ જ નથી. તમારો હાથ આપોઆપ મોબાઈલ ભણી ખેચાઈ જ જાય છે.

હાલમાં જ સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં ખુબજ ગંભીરતાથી કહે છે કે ફકત વયસ્ક નહી ટીન એજરને પણ હવે મોબાઈલની બિમારી થવા લાગી છે. સૌરાષ્ટ્ર યુનિ.એ ૧૫થી૨૯ વયની વચ્ચેના ૧૩૬૪ લોકોના સર્વે કર્યા બાદ આ તારણ કાઢયું હતું.

સૌરાષ્ટ્ર યુનિ.ના માનસશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફેસર ધારા દોશી



કહે છે કે, આ સર્વેએ ખાસ કરીને પ્રયાસોમાં જે રીતે ઉંઘમાં પણ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છે તે ખતરનાક છે. આ એક વ્યક્તિગત અને સામાજીક રોગ બની ગયો છે અને તેમના આ અભ્યાસનો ઉદેશ લોકોમાં એક જાગૃતતા સર્જવાનો છે.

આસી. પ્રોફેસર ધારા દોશીના માર્ગદર્શન હેઠળ આ સર્વે ઉન્નતિ દેસાઈ અને રીંકા વિંઝુડા દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓ કહે છે કે, વિદ્યાર્થીઓના અભ્યાસમાં આ સિન્ડ્રોમ ખૂબજ નકારાત્ક પૂરવાર થઈ રહ્યું છે.

વિદ્યાર્થીઓ સ્વીકારે છે કે, તેઓ વાંચવામાં કે અભ્યાસમાં એકાગ્રતા લાવી શકતા નથી. ડિજીટલ ગેઝેટના વધુ પડતા ઉપયોગથી તેઓએ એક એવી સ્થિતિનો શિકાર બને છે કે તેઓ મોબાઈલ નોટીફીકેશન કે તેના સ્કીન પરના કન્ટેન્ટને મિસ કરી રહ્યા છે તેવી બેચેની અનુભવે છે.

જેમ જેમ સ્કીન ટાઈમ વધતો જાય છે તેમ તેમ આ સ્થિતિ વણસતી જાય છે અને પછી તે ભવિષ્યમાં માનસીક રીતે સતત અપસેટ રહે તેવી સ્થિતિ બને છે. આ બિમારીના ભવિષ્યના પણ અનેક ખતરા છે.

# રાજકોટમાં હાડ થીજવતી ઠંડીઃ શહેરીજનોએ ઠંડી ઉડાડવા તાપણાનો લીધો સહારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ઠંડી બોકાસો બોલાવી રહી છે. ત્યારે લોકો તાપણું ગોતતા નજેરે પડી રહ્યા છે. સાંજ પડે અને ગાર્ડનમાં કે અન્ય જગ્યાએ લોકો ગરમ કપડા સાથે ઠંડી ઉડાડવા તાપણાનો સહારો લઈ રહ્યા છે. ગુજરાતમાં છેલ્લા ઘણાં સમયથી ઠંડી ભુક્કા બોલાવી રહી છે. આ વખતે કચ્છના નલિયા સાથે સૌરાષ્ટ્રનું રાજકોટ પણ ઠંડુગાર થઈ ગયું છે. રાજકોટમાં દર વર્ષે સામાન્ય ઠંડી નોંધાતી હતી, ત્યાં આ વખતે રાજકોટવાસીઓને હાડ થીજવતી ઠંડીનો અનુભવ કરવો પડી રહ્યો છે. છેલ્લાં દસ દિવસથી રાજકોટમાં શીત લહેર છે. દર વર્ષે કચ્છના નલિયા અને બનાસકાંઠાના ડીસામાં કોલ્ડવેવની અસર જોવા મળતી, પરંતુ આ વર્ષે સૌસરાષ્ટ્રના રાજકોટમાં પણ સતત બે દિવસ સુધી કોલ્ડવેવની અસર જોવા મળી હતી.

હવામાન વિભાગના ડિરેક્ટર એ. કે દાસના જણાવ્યા અનુસાર, રાજકોટ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જિલ્લો સૌરાષ્ટ્ર માટે મહત્ત્વનો છે. ત્યાં સામાન્ય રીતે ઠંડીનું પ્રમાણ વધુ રહે છે, પરંતુ કોલ્ડવેવની અસર રહેતી નથી. જોકે, આ વર્ષે રાજકોટ જેવા શહેરમાં પણ સતત બે દિવસ સુધી કોલ્ડવેવની અસર જોવા મળી હતી. છેલ્લાં દસ વર્ષના આંકડાઓ મુજબ પહેલીવાર રાજકોટમાં કોલ્ડવેવની અસર જોવા મળી છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ડિસેમ્બર મહિનાની આગાહી મુજબ આ વર્ષે લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્ય અથવા સામાન્યથી વધુ નોંધાય તેવી શક્યતા છે. પરંતુ, અત્યાર સુધીમાં ગુજરાત રાજ્યમાં જે પ્રકારની ઠંડી પડી રહી છે, તે મુજબ ડિસેમ્બરના પહેલાં પંદર દિવસમાં મોટાભાગના જિલ્લાઓમાં તાપમાન સામાન્ય અથવા સામાન્યથી ઓછું નોંધાયુ છે. જે સાબિત કરે છે કે, ગત વર્ષ કરતાં આ વર્ષે ઠંડીનું જોર વધ્યું છે.

# શાસ્ત્રી મેદાનમાં બી ટુ બી અને બી ટુ સી ત્રણ દિવસીય કૃષિ પ્રદર્શનઃ નિઃશુલ્ક એન્ટ્રી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્રના સૌથી મોટા કહી શકાય તેવા બીટુબી અને બીટુસી કૃષિ પ્રદર્શન એગ્રો વર્લ્ડ એકસ્પો ૨૦૨૪નું રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે આયોજન થયું છે.

પત્રકાર પરિષદમાં વિગતો વર્ણવતા જણાવાયું હતુ કે રાજકોટના શાસ્ત્રી મેદાન ખાતે તા.૨૦ થી ૨૨ ડીસેમ્બર ત્રણ દિવસ ભારતના સૌથી મોટા કહી શકાય તેવા કૃષિ પ્રદર્શન એગ્રો વર્લ્ડ એકસ્પો ૨૦૨૪નું આયોજન કરાયું છે.

બીટુબી અને બીટુસી પ્રકારનું આ કૃષિ પ્રદર્શન કૃષિ ક્ષેત્રે નવીનીકરણ, ટેકનોલોજી, કૃષિ સંલગ્ન જ્ઞાનના આદાન પ્રદાન અને કૃષિ ક્ષેત્રે ઉદ્યોગો સાથે નેટવર્કિંગ માટેનું એક વિશિષ્ટ પ્લેટફોર્મ બની રહેશે. આ કાર્યક્રમમાં ૪૦૦થી વધુ કંપનીઓ તથા સહભાગીઓ સંસ્થા સાથે જોડાશે.

એગ્રો વર્લ્ડ એકસ્પો ૨૦૨૪માં કૃષિને લગતી વિવિધ મશીનરી, સાધનો, ઓર્ગેનિક ઉત્પાદો, સિંચાઇ પધ્ધતીઓ, ડેરી ટેકનોલોજી, પાક સુરક્ષા તકનીકો અને તે સિવાય ઘણી વિશીષ્ટ બાબતોને રજુ કરવામાં આવશે. આ માત્ર એકસપો નથી પણ એક એવું પ્લેટફોર્મ છે જયાં નિતી, નવીનીકરણ અને વર્તમાન સમયના પડકારો અંગેના સમાધાનો એક સાથે આવશે.

૨ હજારથી વધુ જાણીતી કંપનીઓના ઉત્પાદકો રજુ કરવામાં આવશે. જેમાં ખેતીને લગતા સાધનો, બાયો ફર્ટિલાઈઝર્સ, આધુની સિંચાઇ તકનીકો, ફુડ પ્રોસેસીંગ સાધનો અને પુનઃ પ્રાપ્ય ઉર્જાના સાધનોનો સમાવેશ થાય છે. ગુજરાત અને કેન્દ્ર સરકારના વિભાગો તેમની કૃષિ ક્ષેત્રે પરિવર્તન લાવનારી નિતીઓ અને નવી પહેલો વિશે જણાવશે.

પરિવર્તન લાવનારી નિતીઓ અને નવી પહેલો વિશે જણાવશે.

આ કાર્યક્રમમાં સેમિનાર, લાઈવ નિદર્શનો અને તેજજ્ઞોની પેનલ દ્વારા ચર્ચાઓ યોજાશે. તેઓ વર્તમાન સમયની ઉભરતી ટેકનોલોજી, સસ્ટેનેબલ પધ્ધતીઓ અને ખેડુતો માટે નાણાંકીય સહાયતા વિશે મુલાકાતીઓને માહિતગાર કરશે. એગ્રો વર્લ્ડ એકસપો ૨૦૨૪માં એક નસ્ત્રસરપંચ કોન્કલેવથથ યોજાશે, જેમાં સૌરાષ્ટ્રના ૪૦૦ સરપંચો સહભાગી થશે. આ સત્રમાં કૃષિ, ગ્રામીણ વિકાસ અને આર્થિક સશકિતકરણના મુદાઓ પર વિચારવિમર્શ કરવામાં આવશે.

નવીન સાધનો, મશીનરી અને




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ઓર્ગેનીક ફાર્મિંગને લગતા સમાધાનો વિશે મોટા પાયે પ્રદર્શન આકર્ષણરૂપ બનશે. આધુનિક ખેતીના સાધનોનું લાઈવ નિદર્શન જેમાં ખેડુતો ટેકનોલોજીની પ્રેકટીકલ અમલવારી જોઈ શકશે.

ભાગ લેનારા મુલાકાતીઓ માટે દરરોજ લકી ડ્રો દ્વારા ઈનામો જીતવાની તક મળશે. આ એકસપોનું આયોજન થર્ડ આઈ એડવર્ટાઈઝીંગ દ્વારા સ્પાર્ક એકઝીબીશન સાથે સહયોગમાં કરવામાં આવ્યું છે જેઓ એકઝીબીશન, કોર્પોરેટ તેમજ સરકારના મોટા કાર્યક્રમો કરવા માટે જાણીતી બ્રાન્ડ છે.

વધુ વિગતો માટે મો.૯૮૯૮૧ ૭૬૭૫૯ અથવા ૯૯૨૫૨ ૪૮૮૩૦ ઉપર સંપર્ક કરી શકાશે.

# પારેવડી ચોક પાસે ધોળા દિવસે બે દારૂડીયાનું ડિંગલ



રાજકોટ શહેરમા થર્ટી ફર્સ્ટ આવતા જ શહેર પોલીસની અલગ અલગ ટીમો દ્વારા મુખ્ય માર્ગો પર ડ્રંક એન્ડ ડ્રાઈવના કેસો કરી રહી છે. તેમજ ગઇકાલે પોલીસ દ્વારા નોનવેજ અને ઇંડાની લારીઓ પર પણ પોલીસ દ્વારા ચેકીંગ કરવામા આવી રહયુ છે. ત્યારે ગઈકાલે ધોળે દિવસે બે દારૂડીયાઓ ડિલકસ ચોકમા આવેલી ઈઝી બેકરીની સામે જાહેરમા જ ઘબઘબાટી બોલાવી હતી. બંને એકબીજાને ઢીકાપાટુનો માર મારતા હોય તેવો વિડિયો સોશ્યલ મીડીયામા વાઈરલ થતા બી ડીવીઝન પોલીસે બંનેને શોધવા તજવીજ શરૂ કરી છે.

# રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર અચાનક કાર સળગી : સદનસીબે જાનહાનિ ટળી



ગીર ગઢડા પાસેના ફરેળા ગામના રમેશભાઈ જોગીયા તેમના પરિવારના અન્ય બે વ્યક્તિઓ સાથે હુંડાઈ આઈ ટેન કાર લઈને રાજકોટ દવાખાનાનું કામકાજ પતાવી પરત પોતાના વતન ફરેળા જતા હતા ત્યારે વીરપુર હાઈવે પર આવેલ ગુજરાત ગેસના સીએનજી પંપે ગેસ પુરાવીને હાઈવ પર જતાં હતાં ત્યારે રવિ હોટેલ પાસે ઓવરબ્રિજ ઉપર પહોંચતા કારમાં અચાનક ઈન્જીનમાં ધુમાળો નીકળતા રમેશભાઈ જોગીયાએ કાર ઉભી રાખી કારનું બોનટ ખોલતા ઈન્જીન પાસે આગ લાગી હતી રમેશભાઈ એ સમય સુચકતાથી કારમાં બેસેલા તેમના પરિવારજનો ને કાર માંથી ઉતારી દીધા હતા ત્યાંજ કારમાં એકાએક વધારે આગ ફાટી નીકળતા કાર સળગી ઉઠી હતી. ટ્રાફિક જામ સર્જાતા તેને ક્લિયર કરવા વીરપુર પોલીસના પીઆઈ એસ.જી.રાઠોડ સહિતના પોલીસ જવાનોએ હાઈવે પર ટ્રાફિક ક્લીપર કરાવ્યો હતો.

# કલાસીસમાં ગયેલી વિદ્યાર્થીની ભેદી રીતે ગુમ

## જિલ્લામાં કરેલી નાકાબંધીઃ વિદ્યાર્થીનીને શોધવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના જાગનાથ પ્લોટમાં માતા સાથે રહેતી એક વિદ્યાર્થીની આજે સવારે કોમ્પ્યુટર ક્લાસીસમાં ગયા બાદ ભેદી રીતે લાપતા બનતા આ મામલે ગુમ થયેલી વિદ્યાર્થીનીની માતાએ પોલીસની મદદ માંગી હતી. પ્રનગર પોલીસ મથકે ગુમ થયેલી છાત્રાની માતા દોડી આવી હતી. આ અંગે પ્રનગર પોલીસે ગુમસુદા થયેલી છાત્રાને શોધવા જિલ્લાભરમાં નાકાબંધી કરાવી સોશિયલ મીડિયાના માધ્યમથી આ છાત્રાની ભાડ મેળવવા તપાસ શરૂ કરી છે. મળતી વિગતો મુજબ જાગનાથ પ્લોટના એક વિસ્તારમાં રહેતી કોમ્પ્યુટર કલાસીસમાં જતી ૧૫ વર્ષની સગીરા આજે સવારે કોઈકારણસર ઘરેથી કોમ્પ્યુટર કલાસીસમાં જવા નિકળ્યા બાદ બપોર સુધી પરત આવી ન હતીં. તેની માતાએ આસપાસ શોધખોળ કરતા અને કોમ્પ્યુટર ક્લાસીસમાં તપાસક રતા આ સગીરાનો કોઈ પતો મળ્યો ન હતો.ધાંગધ્રાના યુવાન સાથે લગ્ન કર્યા બાદ હાલ રિસામણે બેઠેલી આ પરણીતાની સગીરવયની પુત્રી ગુમ થવા અંગે અંતે આ વિસ્તારના અગ્રણીઓની મદદથી સગીરાની માતા પ્રનગર પોલીસ મથકે દોડી આવી હતી. પ્રાથમિક માહિતીમાં સગીરાની માતાએ પુત્રી ધાંગધ્રા ખાતે રહેતા તેના પિતાના ઘરે ચાલી ગઈ હોવાનું જણાવ્યું હતું. પોલીસે સગીરાના પિતાનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરતા તેનો મોબાઈલ બંધ હોય પોલીસ અને ગુમ થયેલ છાત્રાની માતા ચિંતિત બની હતી અંતે પોલીસે આ મામલે જિલ્લાભરમાં નાકાબંધી કરાવી સોશિયલ મીડિયાના મારફતે ગુમ થયેલ વિદ્યાર્થીનીને શોધવા ચક્રોગતિમાન કર્યા છે.

# ધ્રોલ વિદ્યાર્થીઓ માટે આરોગ્ય વિષયક સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર આરોગ્ય વિભાગ દ્વારા ધ્રોલ તાલુકાના વાંકિયા ખાતે આવેલ આર્યવ્રત સ્કુલમાં આરોગ્ય સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ટીબી વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ટીબી રોગ વિષે માહિતી આપવામાં આવી હતી. ટ્યુબરક્યુલોસિસ (ટીબી) ગંભીર બીમારી છે જે કોઈપણને અસર કરી શકે છે. ટીબી બેક્ટેરિયાને કારણે થાય છે, ટીબી શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે છે પરંતુ મોટાભાગે ફેફસાંમાં થાય છે, જે પલ્મોનરી ટીબી કહેવાય છે. ટીબીના લક્ષણોમાં બે અઠવાડિયા થી કે વધુ સમયથી ઉધરસ , ભૂખ ન લાગવી, વજન ઘટવો, સાંજે જીણો તાવ કે પરસેવો વગેરે જેવા લક્ષણો વિષે માહિતી આપવામાં આવી હતી. એક્ટિવ ટીબી ધરાવતી પરંતુ સારવાર લીધી ન હોય તેવી વ્યક્તિ દર વર્ષે ૧૦ થી ૧૫ કે



વધુ લોકોને ચેપ લગાડી શકે છે. ટીબીના તમામ દર્દીને જ્યાં સુધી દવા ચાલુ રહે ત્યાં સુધી પોષણ યુક્ત આહાર માટે મહીને રૂ.૫૦૦ની સહાય આપવામાં આવે છે. વાહકજન્ય રોગચાળા ડેન્ગ્યું રોગ તેમજ એનીમિયા એટલે લોહતત્વની ક્મી માટે પોષણ યુક્ત આહાર વિષે તેમજ, શાળાઓમાં દર બુધવારે લોહતત્વની ગોળી વિતરણ અને ટોબેકો ફ્રી યુથ કેમ્પેન ૨.૦ અંગે માહિતી આપવામાં આવી હતી. જીલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ.ભાયા અને જીલ્લા ક્ષય અધિકારી ડો.ધીરેન પીઠડીયાના માર્ગદર્શન હેઠળ ડી.એસ.બી.સી.સી ચિરાગ પરમાર અને ટીબી વિભાગના વિકુંદભાઈ રાઠોડ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને આ માહિતી આપવામાં આવી હતી અને પ્રશ્નોતરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને ઈનામથી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પ્લેનમાં બેસીને જાપાન જવું છે... તેવું બોલતા બોલતા માનસિક અસ્વસ્થ બાળક એરપોર્ટ સુધી પહોંચી ગયો

## અમદાવાદથી બસમાં બેસી રાજકોટ પહોંચ્યોઃ જાપાન જવાનાં રટણ સાથે આંટા મારતાં એરપોર્ટ પહોંચી ગયો



મારે જાપાન જવું છે... પ્લેનમાં બેસી જાપાન જવું છે.....થઆ વાતના રટણ સાથે અમદાવાદનો એક માનસિક અસ્વસ્થ બાળક એરપોર્ટ સુધી આવી જતાં એરપોર્ટનો સ્ટાફ અને પોલીસ બંને ધંધે લાગ્યા હતા.જ્યારે ગઈકાલે સવારે ૭ વાગ્યે ૧૪ વર્ષનો મનોદિવ્યાંગ તરુણ એરપોર્ટ પર ટર્મિનલ નજીક આંટા ફેરા કરી રહ્યો હતો આ સમયે સી.આઈ.એસ.એફ.ને શંકાસ્પદ લાગતાં તેની પૂછપરછ કરી હતી પરંતુ તે માનસિક અસ્થિર લાગતા એરપોર્ટ પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણવા માટે વિગત મુજબ, હીરાસર એરપોર્ટ પર સવારે આ બાળક આવ્યો હતો અને મારે ફ્લાઈટમાં બેસીને જાપાને જવું છે.. તેવું બોલતો હતો અને ટર્મિનલ પાસે ચક્કર મારી રહયો હતો. આ જાણ પોલીસને થતાં ટીમે આ બાળક પાસેથી વિગતો જાણવાની કોશિશ કરી હતી પરંતુ તે ગભરાઈ ગયો હતો અને કશું બોલતો ન હતો. તેના હાવભાવ અને વર્તન પરથી તે માનસિક અસ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. આ દરમિયાન ટર્મિનલ વિભાગની ટીમે બાળકને નાસ્તો કરાવી તેની જાણકારી મેળવાની કોશિશ કરી હતી. પી.આઈ.સાવલિયા,યોગીભાઈ, તેજન ચાવડા સહિતની ટીમે આ બાળક સાથે વાત કરી વિગતો જાણવાની કોશિશ કરી હતી. કલાકો સુધી વાત કર્યા બાદ તરુણ અમદાવાદથી બસમાં બેસી રાજકોટ આવ્યો અને ત્યાંથી તે એરપોર્ટ પહોંચ્યો હતો. બાળક પાસેથી મળેલી વિગતો ને આધારે તે અમદાવાદના ગીતાનગરમાં રહેતો હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસએ જાણકારી મેળવતાં આ બાળકનું અપહરણ થયા હોવાની ફરિયાદ તેના માતા પિતાએ કાગડાપીઠ પોલીસમાં નોંધાવી.

# થર્ટી ફર્સ્ટ પૂર્વે ટ્રાફિક બ્રાંચ દ્વારા બ્રેથ એનેલાઈઝરથી ૧૫૭ વાહનચાલકોને ચેક કરતા એક પીધેલો પકડાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હોય તેમ દરરોજ રાત્રે ચાર સેક્ટર વાઈઝ જુદા જુદા ચોકમાં સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે દરમિયાન ગઈકાલે ટ્રાફિક પોલીસે બેથ એનેલાઈઝરથી ૧૫૭ વાહનચાલકોને ચેક કરતા એક પીધેલી હાલતમાં મળી આવતા ધરપકડ કરી હતી જયારે નિયમન ભંગ સબબ ૨૭૯ કેસો કરી ૧,૪૦,૬૦૦નો દંડ વસુલવામાં આવ્યો હતો. રાજકોટમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ કમિશ્નર બજેશ ઝાની સુચના અને માર્ગદર્શન હેઠળ ૩૧ ડીસેમ્બર પૂર્વે સઘન વાહન ચેકિંગ ઝુંબેશ શરુ કરવામાં આવી છે સેક્ટર ૧ના ગ્રીનલેન્ડ ચોકડી પાસે ૧૨ વાહનચાલકોને ચેક કરતા ૧ પીધેલી હાલતમાં મળી આવ્યો હતો તેમજ ૫ નિયમ ભંગના કેસ કર્યા હતા તેમજ સેક્ટર ૨ના અમુલ સર્કલ, ગુંદાવાડી, સોરઠીયાવાડી સર્કલ પાસે ૭૮ વાહનચાલકોને બેથ એનેલાઈઝરથી ચેક કરી નિયમન ભંગના ૯૩ કેસ કર્યા હતા સેક્ટર ૩ના કોટેચા ચોક, કોસ્મો ચોકડીએ ૨૧ વાહનચાલકોને ચેક કરી ૩૭ કેસ કરી ૪ વાહન ડીટેઈન કર્યા હતા જયારે સેક્ટર ૪ના કિશાનપરા, ઘંટેશ્વર ચોકડી ખાતે ૪૬ વાહનચાલકોને ચેક કરી ૧૬ કેસ કર્યા હતા આમ ચાર સેક્ટરમાં ૧૫૧ કેસો કરી ૬૪,૭૦૦નો દંડ અને ૧૨૮ ઈ ચલણ અપાયા હતા કુલ ૨૭૯ કેસોમાં ૧,૪૦,૬૦૦ની દંડ વસુલ્યો હતો.

# શહેરમાં ૭ PIની આંતરિક બદલીઃ ડીસીબીમાં વધુ એક પીઆઈ મુકાયા

## પ્ર.નગર, ગાંધીગ્રામ પીઆઈ બદલાયા, લિવ રિઝર્વમાંથી ત્રણ પીઆઈને પોલીસ મથકમાં મુકાયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કમિશનર દ્વારા તાકિદે સાત પીઆઈની આંતરિક બદલીના હુકમ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. દરમિયાન ડિટેક્શન ક્રાઈમ બ્રાન્ચ (ડીસીબી)માં વધુ એક પીઆઈની નિમણૂક કરવામાં આવતાં હવે આ બ્રાન્ચમાં ત્રણ પીઆઈ કાર્યરત થશે.

કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ (એએચટીયુ) પીઆઈ સી.એચ.જાદવને ડીસીબીમાં મુકવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ કે. જે. કરપડાને આર્થિક ગુન્હા નિવારણ શાખા



(ઈઓડબલ્યુ) માં મુકવામાં આ આવ્યા છે. આ બ્રાન્ચના પીઆઈ જે.એમ.કૈલાની લિવ રીઝર્વમાં બદલી કરાતા જગ્યા ખાલી પડી હતી જેના કારણે એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. જયારે પ્ર.નગર પીઆઈ બી.એમ.ઝણકાટને એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ, એસ.આર.મેઘાણીને લિવ રિઝર્વમાંથી ગાંધીગ્રામ પોલીસ મથક, એસ. ડી.ગીલવાને એમઓબીમાંથી સાયબર ક્રાઈમ પોલીસ મથક, લીવ રિઝર્વ પીઆઈ વી.આર. વસાવાને પ્ર.નગર પોલીસ મથક અને લીવ રિઝર્વ પીઆઈ જી.આર.ચૌહાણને એમઓબીમાં મુકવામાં આવ્યા છે. આ જ રીતે ઝોન-૧ એલસીબી પીએસઆઈ બી.વી.બોરીસાગરની બદલી પ્ર.નગર પોલીસ મથકમાં કરવામાં આવી છે જ્યારે તેમના સ્થાને પ્ર.નગર પીઆઈ બી.બી.ચુડાસમાને ઝોન-૧ એલસીબીમાં મુકાયા છે.

# પોલીસ કમિશનરના કેસ ટ્રાન્સફરના આદેશ બાદ પણ પીઆઈએ કોર્ટમાં સી-સમરી રજૂ કરતાં અદાલતે ફગાવી..!

## બે કરોડના છેતરપિંડીના કેસની તપાસ કમિશનરે ક્રાઈમ બ્રાન્ચને આપી છતાં પીઆઇ દેસાઈ દ્વારા તપાસ ચાલુ રાખીઃ અદાલત ક્રાઈમ બ્રાન્ચ પાસે તપાસ કરાવવા આદેશ કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાયેલ બે કરોડની છેતરપિડીના કેસની તપાસ કમિશનરે ક્રાઈમ બ્રાન્ચને સોપી હતી છતાં પણ પોલીસ મથકના દેસાઈ દ્વારા તપાસ ચાલુ રાખીને કોર્ટમાં સી-સમરી ભરીને રિપોર્ટ રજૂ કરતા ફરિયાદ પક્ષ દ્વારા તેની સામે વાંધા અરજી દાખલ કરવામાં આવી હતી.જેમાં અદાલતે આ કેસની તપાસ ફરીથી ક્રાઈમ બ્રાન્ચ પાસે કરાવવા હુકમ કર્યો હતો.

આ કેસની હકિકત મુજબ, ઋષિ એન્ટરપ્રાઈઝ નામથી પેઢીનું સંચાલન કરતા ફરિયાદી વ્રજેશભાઈ પરસોત્તમભાઈ ગઢીયાએ પોતાનું એકાઉન્ટ સંભાળતા કર્મચારી બાલકૃષ્ણ પ્રવીણભાઈ ગઢીયા સામે અંદાજે બે કરોડની ઉચાપત કરી હોવાની ફરિયાદ કરતા પોલીસ સ્ટેશને આરોપી વિરુદ્ધ આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતીજેની તપાસ માલવીયાનગર પોલીસ મથકના પીઆઇ દેસાઈ દ્વારા કરવામાં આવેલી તપાસના અંતે પીઆઈ જે.આર. દેસાઈએ અદાલત સમક્ષ એવો રીપોર્ટ કરેલ કે, આરોપી બાલકૃષ્ણ બેંક એકાઉન્ટની સરકારી નિમણુંક પામેલ સી.એ. દ્વારા ખરાઈ કરતાં તેની રવિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાંથી સને ૨૦૧૭ થી ૨૦૨૨ દરમ્યાન કટકે કટકે રૂ. ૪૦ લાખથી ૪૫ લાખ જમા થયેલા. અને આરોપી બાલકૃષ્ણ ઉર્ફે બાલાને તેના અંગત કામ સબબ રૂપિયાની જરૂરીયાત હોય જેથી તેના પિતાએ જરૂરીયાત મુજબ રૂપિયા આપેલા અને રૂપિયાની સગવડ થઈ જતાં તેના પિતાના કહેવા મુજબ તેના પિતાના બેંક ખાતામાં તથા તેના કલ્પેશ અને પત્ની હિનાબેનના બેંક ભાઈ ખાતામાંથી આ રૂપિયા પરત આપી દીધેલ. જેથી આ ઉચાપતનો કેસ નથી તેમ જણાવી સી-સમરીનો રીપોર્ટ અદાલત સમક્ષ રજુ કરેલો હતો. ફરીયાદીએ તેમના એડવોકેટ અર્જુન પટેલ મારફતે સી-સમરી મંજુર થવા સામે લેખિત વાંધા રજુ કરી મૌખિક દલીલો કરેલી અને અદાલત સમક્ષ આ ઉચાપતનો કેસ હોવાનું જણાવેલું. ખોટા હેડીંગ દર્શાવી પોતાના ખાતામાં રકમો ટ્રાન્સફર કરે છે તે હકીકત પાઈમાફેસી ઉચાપત દર્શાવે છે. ૧૩૫ જેટલી શંકાસ્પદ એન્ટ્રીઓ જણાયેલી અને નાણાં આરોપીની પેઢીમાં તેના ભાઈ પંકજ ગઢીયાની પેઢીમાં તેના કર્મચારીઓ સાગર ચાંગાણી અને મયુર ગજેરાના ખાતામાં તેમજ હિતેષ રાબડીયાના ખાતામાં અને બી. પટેલ એન્ડ કંપનીના ખાતામાં ટ્રાન્સફર થયેલાનું જણાયેલું. જે નાણાં શા માટે ટ્રાન્સફર થયેલા છે તેનું કોઈ ઈન્વેસ્ટીગેશન પોલીસે કરેલું નથી.

અગાઉ પોલીસ કમિશનરને અરજી કરી હતી. જેમાં તપાસ ક્રાઈમ બ્રાંચ ડીસીબી પી.આઈ.ને સોંપવાનો હુકમ કરેલ તેમ છતાં પીઆઈ દેસાઈએ સી-સમરીનો રીપોર્ટ અદાલતમાં રજૂ કરેલો. દલીલો ધ્યાને લઈ કોર્ટે સી-સમરી નામંજુર કરી આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાંચને કરવા માટે આદેશ કરેલ છે. આ કેસમાં ફરીયાદી વતી ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ. પાનસુરીયા તથા જતીન ડી. પાંભર રોકાયેલ હતા.

# રાજકોટ જિલ્લામાં વ્યાજખોરો વિરુદ્ધ ઝુંબેશ ચલાવવા SP હિમકરસિંહનો હુંકારો

## રેન્જ આઈજીની અધ્યક્ષતામાં વાર્ષિક ઈન્સ્પેક્શન; જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનની કામગીરીનો રિવ્યૂ કરાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે રાજકોટના મવડી ગ્રામ્ય પોલીસ હેડક્વાર્ટર ખાતે યોજાયું હતું. જેમાં રેન્જ આઈજી અશોકકુમાર યાદવના અધ્યક્ષતામાં જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં આ પ્રસંગે રેન્જ આઈજી દ્વારા જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ સાથે કામગીરી અંગેની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લામાં વ્યાજખોરો વિરુદ્ધ આજથી કડક ઝુંબેશ શરૂ કરવામાં આવશે તેમ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે જણાવ્યું હતું. જિલ્લા પોલીસ વડા હિમકર સિંહના આગેવાનીમાં પરેડ યોજાઈ હતી. ઉપરાંત જિલ્લાના તમામ અધિકારીઓ સાથે ક્રાઈમ નરૂ કોન્ફરન્સમાં પોલીસ વડાએ મહિલાઓ સામેના ગુના અંગે ખાસ ઝુંબેશ શરૂ કરવા આદેશ આપ્ય છે. તેમજ આજથી જિલ્લામાં વ્યાજખોરો સામે ઝુંબેશ શરૂ કરવામાં આવશે તેમ જિલ્લા પોલીસવડાએ જણાવ્યું હતું. મવડી હેડક્વાર્ટર પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ સેરેમોનિયલ પરેડમાં રેન્જ આઈજી અશોક કુમાર યાદવની અધ્યક્ષતામાં જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની આગેવાનીમાં આ પરેડ યોજાઈ હતી.

આ પ્રસંગે ગુનાખોરીમાં ગત વર્ષની સરખામણીએ ૩૦ ટકા ઘટાડોનો દાવો રેન્જ આઈજી અશોક કુમાર યાદવની અધ્યક્ષતામાં જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની આગેવાનીમાં યોજાયેલ સેરેમોનિયલ પરેડમાં આજે જિલ્લા પોલીસ વડાએ પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું કે, જિલ્લામાં ગત વર્ષ કરતા ગુનાખોરીમાં ૩૦ ટકા જેટલો ઘટાડો થયો છે. ગંભીર ગુનાઓમાં પથી ૩૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. જિલ્લામાં બનતા ગંભીર ગુનાઓનો ભેદ પણ તાત્કાલીક ઉકેલાય ગયો છે. ચોરી, લૂંટ, ધાડ અને દુષ્કર્મ જેવી ઘટનાઓમાં પોલીસે ત્વરીત કાર્યવાહી કરી આરોપીને ઝડપી લીધા છે. રાજકોટ ગ્રામ્ય એલસીબી અને એસઓજીની કામગીરી અંગે પણ જિલ્લા પોલીસ વડાએ સમીક્ષા કરી હતી. રાજકોટ ગ્રામ્ય અસ્વદળ તથા ડોગસ્કસ્ક્વોડની ટીમ પણ ઉપસ્થિત રહી હતી. જિલ્લાના એએસપી સહિતના





તમામ જિલ્લાના પીઆઈ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ સેરેમોનિયલ પરેડ સાથે રેન્જ આઈજી દ્વારા વાર્ષિક ઈન્જેક્શન પણ કરવામાં આવ્યું હતું અને જિલ્લા પોલીસ વડા સાથે તમામ પોલીસ સ્ટેશનની કામગીરીનો રિવ્યું કરવામાં આવ્યો હતો. આ અંગે જિલ્લા પોલીસ વડા હિમકર સિંહે પત્રકાર સાથેનીવાતચીતમાં જણાવ્યું હતું કે, ગત વર્ષ કરતા જિલ્લામાં ચાલુ વર્ષે ગુના ખોરીના ગ્રાફમાં ઘટાડો થયો છે. જિલ્લામાં આજથી વ્યાજખોરો વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરવામાં આવશે અને જે તે પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરો સામે ફરિયાદ કરવા માગતા અરજદારો માટે ખાસ લોકદરબાર પણ યોજાશે જિલ્લામાં વ્યાજખોરીના કેસો વધી રહ્યા હોય ત્યારે પોલીસવડા દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને નિર્ભયપણે વ્યાજખોરો સામે ફરિયાદ કરવા આગળ આવવા અપીલ કરી છે. જિલ્લામાં વ્યાજખોરોને ખો ભૂલાવી દેવા પોલીસે કમર કસી લીધી છે. અને આગામી દિવસોમાં વ્યાજખોરો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે. ઉપરાંત મહિલાઓને લગતા ગુના અંગે પણ જિલ્લા પોલીસવડા હિમકર સિંહે તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને મહિલાઓ સામેના ગુનામાં ત્વરીત કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે.

# રાજકોટમાં જુદા જુદા બે સ્થળે વિદેશી દારૂ ભરેલી બે કાર ઝડપાઈ

## એક આરોપીની ધરપકડ, એક ફરાર; દારૂ અને - કાર મળી કુલ ૯.૮૦ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,રાજકોટ**



થર્ટીફસ્ટ નજીક આવતા દારૂની હેરાફેરી અટકાવવા પોલીસે કમર કસી લીધી છે. ત્યારે જંગલેશ્વર અને માંડા ડુંગરમાંથી ૮૦ હજારનો દારૂ ભરેલી હુણ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન જંગલેશ્વર મેઈન રોડ પર કારમાં દારૂનો જથ્થો હેવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી કાર ચાલક મયંક ઘનશ્યામભાઈ બગથરિયા (રે. આવાસ ક્વાર્ટર, કોટેચા ચોક)ને ઝડપી પાડીકારની તલાશી લેતા વિદેશી દારૂની બોટલ નં. ૮૧ (કિં.રૂા. ૩૨,૪૦૦) મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂ. ૫,૩૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. બે કાર પોલીસે ઝડપી લીધી હતી. એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે એક આરોપી ફરાર થઈ ગયો હતો પોલીસ દારૂ અને કાર મળી કુલ રૂ. ૯.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ - પીસીબી પીઆઈ એમ.આર. ગોંડલિયા, પીએસઆઈ એમ.જે. જ્યારે બીજા દરોડામાં આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન માંડા ડુંગરમાં આવેલી સુંદરમ પાર્ક ખાતે રેઢી કારમાં દારૂનો જથ્થો હોવાની બાતમીના આધારે પોલીસે દોડી જઈ કારની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની બોટલ નં. ૮૪ (કિ. ૪૭૨૦૮) મળી આવતા પોલીસે દારૂ અને કાર મળી કુલ રૂમ. ૪૪૭૨૦૮નો મુદ્દામાલ કેજે કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# સરધાર ગામે પેટ્રોલ પંપના ફીલરમેને ગેસ પૂરી પૈસા માગતાં બેલડીએ હુમલો કરી ચલાવી લૂંટ

## ઈકો કારમાં આવેલા બંને શખ્સોએ લોખંડની વસ્તુથી હુમલો કરી ૨૦- ૨૫ હજાર લૂંટી ગયાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરધાર નજીક પેટ્રોલ પંપ ઉપર બન્યો હતો. ઈકો કારમાં સીએનજી પુરાવ્યા બાદ ફીલરમેને પૈસા માંગતા બે શખ્સોએ લોખંડની વસ્તુથી હુમલો કરી ખિસ્સામા રહેલા રૂ. ૨૦- ૨૫ હજાર રોકડા લુંટી ગયા હતા ઈજાગ્રસ્ત યુવાનને સારવારમા ખસેડી પોલીસે તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ સરધારના ચિત્રા ગામે રહેતો વિશ્વાસ અંબાલાલ મેવાસા (ઉ.વ. ૨૨) નામનો યુવાન સરધાર નજીક આવેલા સરકારી મંડળીના પેટ્રોલ પંપમા ફીલરમેન તરીકે નોકરી કરે છે. જે આજે સવારે પેટ્રોલ પંપ ઉપર હતો ત્યારે લાલભાઈ હુંબલ અને લાલભાઈ ભરવાડ ઈકો કાર લઈ સીએનજી ગેસ પુરાવવા આવ્યા હતા જેથી ફીલરમેન વિશ્વાસે ઈકો



કારમા રૂ. ૫૩૦ નો ગેસ પુરી તેના પૈસા માંગતા બંને શખ્સોએ પૈસા ન આપી ઝઘડો કર્યો હતો. ઉશ્કેરાઈ જઈ બંને શખ્સોએ લોખંડની વસ્તુથી હુમલો કરી તેના ઉપરના ખિસ્સામા રહેલા આશરે રૂ. ૨૦-૨૫ હજારની રોકડની લુંટ ચલાવી નાશી છુટયા હતા.જેથી ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એકલવ્ય હાઉસીંગ સોસાયટીમાં આધેડે બિમારીથી કંટાળી એસીડ પી કર્યો આપઘાત

## પરીણીતાએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબીયત લથડી

શહેરમા કાલાવડ રોડ પર આવેલી એકલવ્ય હાઉસીંગ સોસાયટીમા રહેતા આધેડે બીમારથી કંટાળી એસીડ પી લીધુ હતુ. આધેડનુ સારવારમા મોત નિપજતા પરિવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. આ બનાવ અંગે મળતી વિગત મુજબ શહેરમા કાલાવડ રોડ પર આવેલી એકલવ્ય હાઉસીંગ સોસાયટીમા રહેતા રસીકભાઈ રાજેન્દ્રભાઈ લુહા (ઉ.વ. ૫૨) એ માનસીક બિમારીથી કંટાળી એસીડ પી લીધુ હતુ. આધેડનુ સારવારમા મોત નિપજતા પરિવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. બીજા બનાવમા ૧૫૦ ફટ રીંગ રોડ પર આવેલ ઓમનગર સોસાયટીમા રહેતી હિરલબેન જયેન્દ્રભાઈ સોઢા નામની ૩૧ વર્ષની પરણીતાએ કોઈ અગમ્ય કારણસર જવલંતશીલ પ્રવાહી પી લીધુ હતુ. પરણીતાને ઝેરી અસર થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામાં આવી હતી. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગંજીવાડા ચોકીમાંથી નાસી છુટેલા ગઠીયાને પોલીસે ફરી દબોચી લીધો

રાજકોટમાં લોકોને લોન અપાવી તેને પૂરા પૈસા પરત અપાવશે કહી પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી સાત લોકોના લાખો રૂપિયા પડાવી લેનાર ગઠિયો પકડાયા બાદ ગંજીવાડા ચોકીમાંથી નાસી છુટયો હતો આ ઠગને ફરી થોરાળા પોલીસે દબોચી લીધો છે રિમાન્ડ દરમિયાન પોતે ક્રિકેટ સટ્ટામાં લાખો રૂપિયા હારી જતા લોકોના પૈસા પડાવી લીધાની કબુલાત આપી હતી. રાજકોટના થોરાળા, ભક્તિનગર, માલવિયાનગર, તાલુકા, ગાંધીગ્રામ, યુનીવર્સીટી અને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં છેતરપીંડીના સાત ગુના નોંધાયા હતા જેમાં એક જ આરોપી મહાવીરસિંહ સોલંકી સંડોવાયેલ હતો જે પકડાયા બાદ ચોકીમાંથી નાસી જતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી દરમિયાન થોરાળા પોલીસ મથકના પીએસઆઈ મોહન મહેશ્વરીને મળેલી બાતમી આધારે સોમનાથ સોસાયટીમાં રહેતો ઠગ મહાવીરસિહ જીતેન્દ્રસિહ સોલંકી ઉ.૩૦ કાલાવડ રોડ ઉપર પ્રેમવતી પાસે ઉભો હોવાની સચોટ બાતમી આધારે દોડી જઈ આરોપીને દબોચી લીધો હતો તેના એક દિવસના રિમાન્ડ મેળવી પોલીસે પૂછતાછ કરતા પોતે ક્રિકેટ સટ્ટામાં લાખો રૂપિયાહારી ગયો હોવાથી દેણું ભરવા લોન ઈચ્છુક લોકોને ભોળવી તેના મોબાઈલમાંથી લોન મંજુર કરાવી તે રૂપિયા પોતે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી છેતરપીંડી આચરતો હોવાની કબુલાત આપી હતી હવે અન્ય પોલીસમાં નોંધાયેલા ગુનાઓમાં જે તે પોલીસ તેનો કબજો લેશે.

# ભગવતીપરા માં યુવાન પર બે નશાખોર શખ્સોનો છરી વડે હુમલો

## ગોપાલ ચોકમાં બાંધકામ સાઇડ ઉપર બે મજુર બાખડયાઃ એકને ઈજા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમા આવેલા ભગવતીપરા વિસ્તારમા બે શખ્સોએ દારૂના નશામા યુવાન પર છરી વડે હુમલો કર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. ભગવતીપરા વિસ્તારમાં રહેતા ઈમરાન સલીમભાઈ સંગાધ (ઉ.વ. ૩૫) પોતાના મિત્રને મોબાઈલ દેવા જતો હતો ત્યારે ઘર પાસે જ સાજન અને સાવન નામના બંને શખ્સોએ દારૂના નશામા ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરાયો હતો. બીજા બનાવમા રૈયા ટેલીકોમ એક્ષચેંજ પાસે ગોપાલ ચોકમા નવનિર્મિત બિલ્ડીંગની સાઈટ પર બે શ્રમીક દારૂના નશામા બાખડયા હતા જેમા સાગર સુરજભાઈ બડીયા (ઉ.વ. ૨૮) ને ઈજા પહોંચતા બેશુધ્ધ હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમા દાખલ કરાયો હતો. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વોર્ડ નં.૨માં અશાંતધારાના ભંગ બદલ પોલીસ એક્શનમાંઃ ૩ સામે ગુનો નોંધાયો

## સુભાષનગર, ધ્રુવનગર, અલ્કાપુરી, શ્રીજી નગર, વિમાનગરમાં ૧૩ મકાનનું ચેકિંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ વોર્ડ નં.૨ના લતાવાસીઓ દ્વારા અશાંતધારાનો ભંગ થતો હોવાનો આક્ષેપ ધારાસભ્ય ડો. દર્શિતા શાહે કર્યો હતો. જેને લઈને જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવતા તેઓના આદેશ બાદ ગઈકાલે ગાંધીગ્રામ પોલીસે વિસ્તારની જુદી-જુદી પાંચ જેટલી સોસાયટીમાં ચેકીંગ હાથ પરી કુલ ૧૩ જેટલા મકાનની તલાસી લીધા બાદ બે મહિલા સહિત ત્રણ વિરૂદ્ધ જાહેરનામું ભંગનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી અને આવું ચેકી ગ આગળ પણ ચાલુ જ રહેશે તેવું એસીપી રાધિકા ભારાઈએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું. વિધાનસભા ૬૯ના મત વિસ્તારમાં આવેલ સુભાષનગર અને ધ્રુવનગર વિસ્તારમાં લગભગ ૧૦ જેટલા વરીમાં લઘુમતી સમાજના લોકો રહેતા હોવાની વિસ્તારવાસીઓની ફરિયાદના આધારે રાજકોટ મામલતદાર દ્વારા ૧૩ મકાનની યાદી તૈયાર કરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં આ પાદી મોકલી તપાસ કરવા જાણ કરવામાં આવી હતી. જેને લઈને પોલીસ સુભાષનગર, અલકાપુરી, શ્રીજીનગર, વિમાનગર, ધ્રુવનગર સોસાયટીમાં ચેકીંગ કરવા પહોંચી હતી. જો કે, કેટલાક વરોમાં તાળા લાગેલા જોવા મળ્યા હતાં. ત્યારબાદ ૧૩થી વધુ મકાનમાં વેંચાણ દસ્તાવેજ, ભાડા કરાર સહિતના જરૂરી કાગળની ચકાસણી કરતા ભાડા કરારની નોંધ પોલીસમાં ન કરાવી હોય તેવા સુભાષનગર શેરી નંબર ૮ માં રહેતા ફીરદોશબેન સબીરભાઈ શેખ, સુભાષ નગર શેરી નંબર ૪ માં રહેતા તારીકભાઈ નુરુદ્દીનભાઈ હિમાની તેમજ ઈન્દિરા સર્કલ ધ્રુવ નગર નજીક આવેલ ગુલમહોર એપાર્ટમેન્ટમાં રહેતા અને અહીં પોતાની મકાન ભાડે આપનાર શૈલેષ અરજણભાઈ પટેલ વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુન્હો નોંધાયો હતો.

ધારાસભ્ય દર્શિતાબેન શાહની ફરિયાદ બાદ સીટી પ્રાંત-૧ અધિકારી ડો. ચાંદની પરમાર દ્વારા આ પ્રકરણમાં તપાસ હાથ ધરવામાં આવી હતી.અને વોર્ડ નં.૨માં હિન્દુઓના નામે દસ્તાવેજ કરી લઘુમતી સમાજના સદસ્યો વસવાટ કરી રહેલા ૧૪ જેટલા આસામીઓને રૂબરૂ બોલાવી તેઓના નિવેદન નોંધવામાં આવ્યા હતા. જે બાદ પોલીસે પણ સ્થળ તપાસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે, શહેરમાં અશાંતધારાની અમલવારી કરાવવા માટે અગાઉ પણ કેટલાક વિસ્તારના લોકોએ રજૂઆતો કરી છે.પણ કોઈ કારણસર આછી-પાતળી કાર્યવાહી બાદ આ મુદ્દો સમેટાઈ જાય છે. ત્યારે એસીપી રાધિકા ભારાઈએ જણાવ્યું હતું કે, આવી જ પોલીસની કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે જેથી અશાંત ધારાની ચૂસ્ત અમલવારી કરી શકાય.

# ગુજસીટોકના ગુનામાં જામીન મુકત થયેલા નામચીન શખ્સે ફરી લખણ ઝળકાવ્યા

શહેરના ભીસ્તીવાડમાં રહેતાં અને અગાઉ ગુજસીટિકના ગુનામાં જેલની હવા ખાઈ ચુકેલા શખ્સે જેલમાંથી છૂટી પોતાની પુર્વ પ્રેમિકાના ઘરમાં ઘુસી મારી દિકરી ક્યાં છે? ઝઘડો કરી બાદમાં ફોન કરી જો ફરીથી પૈસિક્કિમુ જા તો હું મારા કાળા હાથ છે તેને લાલ કરીશ, તને પતાવી દઈશ તેવી ધમકી આપતાં પોલીસે તપાસ હાથ ધરી છે.આ બનાવમાં પ્ર.નગર પોલીસે ૩૪ વર્ષિય મહિલાની ફરિયાદ પરથી યાસીન ઓસમાણ કઈડા વિરૂધ્ધ બીએનએસની કલમ ૩૨૯ (૧), ૩૫૧ (૩) મુજબ યાસીને મહિલાના ઘરમાં ઘુસી મારી દિકરી ક્યાં છે? પૈસા આપ કહી ડખ્ખો કરી બાદમાં ફોન કરી મારી દિકરીને આપી જા નહિતર તને છરીના ઘા મારી પતાવી દઈશ તેવી ધમકી આપ્યાનો ગુનો નોંધ્યો છે. મહિલાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું નવ વર્ષ પહેલા હું અને યાસીન રિલેશનશીપમાં હતાં. તેના કારણે મારે ત્રણ બાળકો થયા મારી દીકરી મને આપી દેજે નહીં તો કાળા હાથ લાલ કરવા પડશે તેવી ધમકી આપ્યાની ફરિયાદ; આરોપી સકંજામાં હતાં. પણ જે તે વખતે યાસીને મારી સાથે લગ્ન કરવાની ના પાડતાં મેં તેના વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં યાસીનની ધરપકડ થતાં તે રાજકોટ સેન્ટ્રલ જેલમાં ધકેલાયો હતો. ગત ૧૨/૧૨/૨૪ના રોજ જેલમાંથી તે જામીન પર છુટી ગયો હતો. ૧૩/૧૨ના રોજ તે સવારે મારા ઘરમાં જબરદસ્તીથી ઘુસી ગયો હતો અને કહ્યું હતું કે-મારી દિકરી ક્યાં છે? જેથી મેં તેણી સ્કૂલે ગઈ છે. તેમ કહેતાં યાસીને મારે પૈસા જોઈએ છે, તું મને પૈસા આપ હું જેલમાંથી છુટીને આવ્યો છું મારી પાસે પૈસા નથી. જેથી મેં કહેલું કે તું હવે મને માફ કરી દે અને મને હેરાન કરવાનું બંધ કરી દે. દિકરી શાળાએથી આવશે એટલે મળવા મોકલીશ. તેમ કહેતાં તે જતો રહ્યો હતો. બાદમાં ૧૫મીએ રાતે નવ વાગ્યે યાસીને મને મેસેજ કર્યો હતો કે મને પૈસુ આવું છે મારે ગાડી લેવી છે. મેં તેણે મારી પાસે હાલ પૈસા નથી. તેમ કહેતાં તેણે મારી દિકરી દઈ જા નહિતર હું તને છરીના ઘા મારી પતાવી દઈશ, મારા કાળા હાથ છે તેને લાલ કરી નાખીશ તેમ કહી ધમકી આપી હતી. આથી ગભરાઈને મારે ફરિયાદ કરવી પડી હતી. અગાઉ યાસીન વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો પણ નોંધાયો હતો. તેમાં પણ તે જામીન પર છુટેલો છે. યાસીન વિરુદ્ધ સાતેક ગુના નોંધાઈ ચુક્યા છે.પ્ર.નગર પીઆઈ ભાર્ગવ એમ. ઝણકાટની રાહબરીમાં પીએસઆઈ જે.એમ. પરમારે ગુનો નોંધી યાસીનને સકંજામાં લીધો હતો.